# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 17-03-2026 Day: Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## શિવાલીક જહાજ:

**મધ્યપૂર્વ દેશમાંથી LPG પુરવઠો લઈને કતારથી રવાના થયેલું માલવાહક જહાજ શિવાલીક કતારથી ગઈકાલે સાંજે મુંદ્રા બંદરે પહોંચ્યું છે.રાજ્યના પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીએ આ વાતની પુષ્ટિ કરી છે. આ જહાજ પર રહેલો LPG જથ્થો આશરે 32.4 લાખ ઘરેલુ ગેસ સિલિન્ડર બરાબર છે.**

**દરમિયાન શિપિંગ મંત્રાલયના જણાવ્યા મુજબ નંદા દેવી નામનું જહાજ 46 હજાર ટન LPG જ્યારે જગ લાડકી જહાજ 81 હજાર ટન ક્રૂડ ઓઇલ લઈને આજે મુંદ્રા બંદરે પહોંચવાની સંભાવના છે.**

**------------------------------------------------------------------------------------------------**

## LPG ગેસ:

**રાજ્યના જે વપરાશકર્તાઓ LPG સાથે PNG કનેક્શન ધરાવતા હોય તેમણે બુધવાર સુધીમાં LPG કનેક્શન પરત કરવાના રહેશે તેવી જાહેરાત સરકાર દ્વારા કરવામાં આવી છે.અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના અધિક મુખ્ય સચિવ મોના ખંધારે કહ્યુ હતું કે રાજ્યના નાગરિકો માટે ઘરેલુ LPG સિલિન્ડરનો પૂરતો પુરવઠો ઉપલબ્ધ છે અને બફર સ્ટોકમાં પણ સતત વધારો થઇ રહ્યો છે. કેન્દ્ર સરકાર સાથે સતત સંકલનમાં રહીને રાજ્ય સરકાર દ્વારા તમામ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. રાજ્યમાં ઘરેલુ તેમજ કોમર્શિયલ હેતુ માટે PNGનો પણ પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.**

**------------------------------------------------------------------------------------------------**

## સાહિત્ય અકાદમી એવોર્ડ-2025:

સાહિત્ય અકાદમીએ ગઈકાલે 24 ભારતીય ભાષાઓમાં તેના વાર્ષિક સાહિત્ય અકાદમી પુરસ્કારોની જાહેરાત કરી છે. અકાદમીએ પ્રખ્યાત લેખિકા મમતા કાલિયાને તેમની કૃતિ 'જીતે જી અલાહાબાદ' માટે અને પ્રખ્યાત રાજદ્વારી નવતેજ સરનાને તેમની અંગ્રેજી નવલકથા 'ક્રિમસન સ્પ્રિંગ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર 2025 ની જાહેરાત કરી છે.

સંસ્કૃતિ મંત્રાલયે માહિતી આપી હતી કે આ વર્ષે આઠ કવિતા પુસ્તકો, ચાર નવલકથાઓ, છ ટૂંકી વાર્તાઓ અને બે નિબંધોને સાહિત્ય અકાદમી પુરસ્કારો 2025 મળ્યા છે. આ દરમિયાન, એક સાહિત્યિક વિવેચન, એક આત્મકથા અને બે સંસ્મરણો પણ પુરસ્કાર માટે પસંદ કરાયા છે. મંત્રાલયે માહિતી આપી હતી કે પસંદ કરાયેલા તમામ પુરસ્કાર વિજેતાઓને એક લાખ રૂપિયાની રકમ અને કોતરણીવાળી તાંબાની તકતી અર્પણ કરાશે. આ પુરસ્કારો આ મહિનાની 31મી તારીખે નવી દિલ્હીમાં અપાશે.

---------------------------------------------------------------------------------------------------

## અન્નપૂર્તિ ATM:

રાજ્યમાં અન્નપૂર્તિ ATM દ્વારા ચોવીસ કલાક અનાજ મળી રહે તે માટે 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમની સુવિધા શરૂ કરાશે. જેમાં લાભાર્થી માત્ર 35 સેકન્ડમાં 25 કિલો અનાજ મેળવી શકશે. જે માટે 10 કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી રમણ સોલંકીએ અન્ન વિભાગની નવી જોગવાઇઓ અંગે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદ સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------------

## Gujcet હોલ ટિકિટ:

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ દ્વારા 29મી માર્ચના રોજ ગુજકેટની પરીક્ષા યોજાનારી છે. આ પરીક્ષાની હોલ ટિકિટ વિદ્યાર્થીઓ આજે 17 મી માર્ચના બાર વાગ્યા

બાદ ડાઉનલોડ કરી શકશે. વિદ્યાર્થીઓ gujcet.gsebht.in અથવા gsebht.in અથવા www.gseb.org વેબસાઇટ ઉપરથી પ્રવેશિકા ડાઉનલોડ કરી શકશે.

---

## રમણ બાળાબેનનું અવસાન:

ભુજ ઈંગ્લીશ સ્કૂલ ટ્રસ્ટ સંચાલિત જૈનાચાર્ય અજરામરજી વિદ્યા સંકુલનાં મેનેજિંગ ટ્રસ્ટી અને પૂર્વ આચાર્ય રમણ બાળાબેન મોરબીયાનું ભુજ ખાતે અવસાન થયું છે. તેમની વય **83** વર્ષની હતી. ભુજમાં ઈંગ્લિશ સ્કૂલ શરૂ કરવાની સાથે ગુજરાતી વિદ્યાર્થીઓ માટે સંકુલ ઘણા વરસોથી શરૂ કર્યું હતું. તેઓ સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તેની સાથે સંકળાયેલા હતાં.

---

## ભચાઉ આરોગ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન:

ભચાઉ તાલુકાના વિજપાસર ગામે રાજ્ય સરકારના આરોગ્ય વિભાગ દ્વારા નવનિર્મિત પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ નવનિર્મિત ભવનનું ઉદ્ઘાટન કરતાં જિલ્લા પંચાયત કચ્છના પ્રમુખ જનકસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આ નવું પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આસપાસના વિવિધ ગામોના નાગરિકો માટે આશીર્વાદરૂપ સાબિત થશે અને લોકોને ઘર આંગણે સમયસર ગુણવત્તાયુક્ત સારવાર મળી રહેશે.

આ અવસરે આરોગ્ય વિભાગના કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

---

## છારીઢંઢ ખાતે શિબિર:

દીન દયાળ પોર્ટ ઓથોરીટી તેમજ ગાંધીધામ લીપ સંસ્થાના સહકારથી નખત્રાણા છારીઢંઢ કન્ઝર્વેશન રીઝર્વ ખાતે પ્રાકૃતિક શિબિરનું આયોજન કરાયુ હતું. જેમાં સંસ્થા સાથે જોડાયેલી ગાંધીધામ આદિપુરની 9 સરકારી શાળાના ધોરણ 8માં અભ્યાસ કરતા 381 બાળક અને 41 શિક્ષક

આ શિબિરમાં જોડાયા હતા. વન વિભાગની પ્રાકૃતિક શિબિરના માધ્યમથી વિધાર્થીઓએ વિવિધ પક્ષીઓ અને બન્ની ઘાસિયા મેદાન અંગે માહિતી મેળવી હતી.

---

## હવામાન:

હવામાન વિભાગે કચ્છ સહિત રાજ્યમાં ગરમી વચ્ચે **18** માર્ચથી **20** માર્ચ સુધી વરસાદની આગાહી કરી છે. વરસાદના વર્તારા વચ્ચે મહત્તમ પારો એકથી બે ડિગ્રી નીચે ઉતરતા તાપનો પ્રભાવ આંશિક ઘટેલો જોવા મળ્યો હતો.ગઈકાલે ભુજમાં **37.7,** કંડલા **37.3** તો નલિયામાં **34** ડિગ્રી મહત્તમ તાપમાન રહ્યુ હતું.

---